આર. પી. એ.ડી.

એલ.આર.શી. :- ૬૫
નં.તા.પં./આરઈવી/એન.એ./રજી નં.૨૧/વ-૧૫
તાલુકા પંચાયત કચેરી, કામરેજ
તારીખ :૧૨/૬/૨૦૧૫

વાંચનમાં લીધુ :-

(૧) **શ્રી ઈશ્વરભાઈ બહાદુરભાઈ પરમાર રહે.મુ.માંકણા, તા.કામરેજ જિ. સુરત સર્વે નં.-૯૫ બ્લોક નં.-૮૭ વાળી જમીનમાં રહેણાંક હેતુ માટે બિનખેતીની પરવાનગી મળવા બાબતની તા.૩૧/૩/૧૫ની અરજી.**

(૨) સર્કલ ઈન્સ્પેકટરશ્રી ઓરણા વિભાગ તાલુકા પંચાયત કચેરી કામરેજના રીપોર્ટ ક્રમાંક નં.તા.પં/સ.ઇ./માંકણા–૮૭/એન.એ/વ–૧૫ તા.૮/૫/૨૦૧૫

(૩) નગર નિયોજકશ્રી, સુરતના પત્ર નં.બી પી/માંકણા/ કામરેજ/સુરત/૭૮૩/ તા.૫/૩/૨૦૧૫

(૪) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિ.પં.સુરતના પત્ર નં.જિ.પં./આ.શા/બિનખેતી/ આ.વિ./અભિપ્રાય/માંકણા/રહેઠાણ/બ્લોક નં–૮૭ તા.૫/૫/૨૦૧૫

(૫) નિવાસી અધિક કલેકટરશ્રી સુરતના પત્ર નં.એલએક્યુ/વશી-૧૧૩૮થી ૧૧૪૨/૧૪ તા.૨/૫/૨૦૧૪

(૬) નાયબ કલેકટરશ્રી, કામરેજ પ્રાંત, ના પત્ર નં. જમન/હિતુકેર/વશી ૭૦૬/૧૪ રજી નં–૭૧/૧૪ તા.૨૪/૭/૧૪

(૭) મામલતદારશ્રી, કામરેજના પત્ર નં.જમન/માંકણા/૮૭/રજી–૫૦/૧૪/યુ.આઈ.ડી.નં–૬૭૪૫/૧૪ તા.૨૦/૫/૧૪

(૮) મામલતદાર અને કૃષિપંચ ગણોત, એ-બ્લોક, ૮મા માળે, બહુમાળી મકાન, સુરતના પત્ર નં.ગણોત/સીલીંગ/માંકણા/વશી–૯૪૮/૧૪ તા.૧૪/૭/૧૪

[illegible] કલેકટરશ્રી, સુરત આરટીએસના પત્ર નં. એ/હકપ/સુમોટો/વશી–૧૩૭૭ થી ૧૩૮૦/રજી–૮૩૪ [illegible]૮૩૭/વશી.૧૪ તા.૨૪/૪/૧૪

[illegible]સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક જયવ/૧૦૭૯/૨૦૬૪/ક, તા.૧૭/૦૭/૧૯૮૦ અને બખપ/૧૦૮૦/૫૯૫૩૦/ક, તા.૨૭/૦૭/૧૯૮૦ તથા ઠરાવ ક્રમાંક બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

(૧૧) મુંબઈ જમીન મહેસુલ કાયદો-૧૮૭૯ની કલમ-૬૫

(૧૨) **તાલુકા પંચાયત કામરેજ, જી.સુરતની તા.૧૪/૫/૨૦૧૫ની કારોબારી સભાના ઠરાવ નં.-**

(૧૩) **રૂપાંતર કર ભર્યા બદલનું ચલણ નં.૫૬, તા. ૨૬/૫/૨૦૧૫ રૂા.૪૦૫૦/-**

(૧૪) **ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત માંકણા , તા.કામરેજ સમક્ષ વિશેષધારાની રકમ ભર્યા બદલની પહોંચ નં.૬૫/૫૨ તા.૧૨/૬/૨૦૧૫ રૂા. ૮૭૨**

(૧૫) જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડઝની કચેરી, સુરત સમક્ષ માપણી ફી ની રકમ ભર્યા બદલનું ચલણ નં. ૧૧૨૪ તા.૨૬/૫/૨૦૧૫ રૂા.૫૪૦૦ /-

<u>હુ...કુ...મ</u>

**મોજે : માંકણા**, તા.કામરેજ જી.સુરતના **સર્વે** નં.-૯૫ બ્લોક નં.-૮૭ વાળી જમીનમાં રહેણાંક હેતુ માટે બિનખેતી પરવાનગી મળવા અરજદાર **શ્રી ઈશ્વરભાઈ બહાદુરભાઈ પરમાર રહે.મુ.માંકણા, તા.કામરેજ જિ. સુરતની અરજીથી માંગણી કરેલ છે.**

સદરહું અરજી-વ-પ્લાન બાબતે તપાસ કરી સર્કલ ઈન્સ્પેકટરશ્રી ઓરણા વિભાગ, તા.પં.કામરેજે ખાત્રી કરેલ તા. ૮/૫/૧૫ નકશા (પ્લાન) માં આડીલીટી / ત્રાંસીલીટી / ઉભીલીટીની નિશાનીથી બતાવેલ **કુલ-૨૦૨૨.૦૦** ચો.મી. જમીનમાં બિનખેતીની પરવાનગી આપવા ભલામણ કરેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક જયવ/૧૦૭૯/૨૦૬૪/ક તા.૧૭/૦૭/૮૦ અને ઠરાવ ક્રમાંક બખપ/૧૦૮૦/૫૯૫૩૦/ક તા.૨૭/૦૭/૮૦ તથા ઠરાવ ક્રમાંક બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૧/૦૭/૨૦૦૮ ના ઠરાવની જોગવાઇ તથા જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫ તથા તે અન્વયેના નિયમો લક્ષમાં લઈને ઉપર્યુકત આમુખ-(૧૦) થી મળેલ અધિકારીની રૂએ**શ્રી ઈશ્વરભાઈ બહાદુરભાઈ પરમાર રહે.મુ.માંકણા, તા.કામરેજ જિ. સુરતે** રહેણાંક હેતુ માટે ગામના પ્રચલિત દરે **૨૦૨૨.૦૦** ચો.મી. જમીનનાં ૦.૧૦ પૈસા મુજબ વિશેષધારો તથા નિયમ મુજબ ભરવાપાત્ર લોકલફંડ / શિક્ષણ ઉપકર વિગેરે

તા.૦૧-૦૮-૨૦૧૪ ની મુદતથી ભરવાની શરતે તથા નીચેની વધુ શરતોને આધિન રહી રહેણાંક હેતુસર બિનખેતીની પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

૧. ડીસ્ટ્રીકટ ઇન્સપેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મુળ ટિપ્પણીની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજુ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજુર કરાવેલ હોવો જોઇએ.

૨. બાંધકામ શરૂ કરતા પહેલાં બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજુર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજાચીઠ્ઠી મેળવી શકે નહી.

૩. મંજુર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થયની દષ્ટ્રિએ ગંદા પાણીના નિકાલની જોગવાઇ કરવાની રહેશે.

૪. અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી રહેશે.

૫. ઔધોગિક હેતુ માટે મંજુરી માંગેલ હોય તો બાંધકામ કરતા પહેલા જિલ્લા ઉધોગ અધિકારીશ્રીની જરૂરી મંજુરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૬. ફલોર મીલ, સિનેમા/ટુરીંગ, સિનેમા/થિયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૭. પેટ્રોલ, ડિઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતા પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૮. ઇન્ડીયન એક્ષપ્લોસીવ એકટ અન્વયે મેગનીઝ, ફાયરવર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૯. સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪.૦૦ મીટરનું અંતર છોડીને બાંધકામ કરવાનું રહેશે.

૧૦. સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦.૦૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

૧૧. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુ માંથી વિજળી લાઇના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૧૨. બિનખેતીની પરવાનગી માંગવામાં આવી હોય ત્યારે તેવી જમીન જો એરોડ્રામ આસપાસની ૨૦ કિ.મી.ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી નાવાંધા પ્રમાણપત્ર સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૩. ભારતીય વાયુસેનાના હવાઇ મથક તથા ઇન્સ્ટોલેશનથી ૯૦૦.૦૦ મીટરની ત્રિજ્યા બહાર બાંધકામ કરવાનું રહેશે.

૧૪. ઓ.એન.જી.સી. ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૫. નર્મદા કેનાલ / અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સુચિત બાંધકામ માટે જાળવવાના થતા અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૬. અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (**Protected Monuments**) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦.૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

૧૭. અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન / જમીનથી જાળવવાના થતા અંતર બાબતની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

૧૮. અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અન્વયે અભ્યારણ અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઇ પણ વિસ્તારની હદથી જાળવવાના થતા અંતર બાબતની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

૧૯. અરજદારે વિશેષધારો / રૂપાંતરકર / લોકલફંડ વિગેરે જે તે વખતે અમલમાં હોય તે મુજબના પ્રચલિત દરોએ ભરવાના રહેશે.

૨૦. સર્કલ ઇન્સ્પેકટરશ્રી તાલુકા પંચાયત કચેરી કામરેજ તા.૮/૫/૨૦૧૫ના નકશા (પ્લાન) માં એ.બી.સી.ડી.ઇ. થી બતાવેલ કુલ ૨૦૨૨.૦૦ ચો.મી. જમીનમાં ખેતી સિવાયના પ્લોટનું મંજુર આયોજન નગર નિયોજકશ્રીમાંથી પ્લાન મંજુર થાય તેના આધારિત બાંધકામ કરવાનું રહેશે.

૨૧. આયોજીત કરેલ કોમન પ્લોટમાં કોઇ પણ સંજોગોમાં કોઇ પણ પ્રકારનું બાંધકામ કરવું નહી. તાલુકા વિકાસ અધિકારીશ્રી તાલુકા પંચાયત કામરેજની અગાઉથી પરવાનગી સિવાય મંજુર કરેલ બાંધકામ કે ખેતી સિવાયના પ્લોટમાં કોઇ પણ જાતનો વધારો અગર બીજા કોઇ ફેરફાર કરવા નહી.

૨૨. નગર નિયોજકશ્રીએ મંજુર કરેલ પ્લાન સિવાય બાંધકામ કરવામાં આવશે તો તે તાલુકા વિકાસ અધિકારીશ્રી તાલુકા પંચાયત કામરેજ ઠરાવે તે મુદતની અંદર કાઢી નાખવાનું રહેશે. જો તેમ કરવામાં નહી આવે તો અરજદારના પોતાના ખર્ચે આ બાંધકામ કાઢી.નાખવામાં આવશે અને તે અંગે થયેલ સઘળી ખર્ચની રકમ જમીન મહેસુલની બાકી તરીકે અરજદારની પાસેથી વસુલ કરવામાં આવશે

૨૩. નગર નિયોજકશ્રીએ મંજુર કરેલ પ્લાન મુજબ બાંધકામ શરૂ કરતા અગાઉ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૦૪ મુજબ ગ્રામ પંચાયતની પરવાનગી મેળવવાની રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠી મેળવી શકશે નહી.

૨૪. જમીન મહેસુલ કાયદાની કલમ-૪૮(૪) મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રી તાલુકા પંચાયત કામરેજની અગાઉથી લેખીત પરવાનગી મેળવ્યા સિવાય મજકુર જમીનનો <u>રહેણાંક</u> સિવાયના અન્ય માટે ઉપયોગ થઇ શકશે નહી.

૨૫. આ હુકમની તારીખ થી છ (૬) માસમાં અરજદારે ખેતી સિવાયનું કૃત્ય શરૂ કરવુ પડશે અને જો તેમ કરવામાં કસુર થશે તો જે તારીખ થી ખેતી સિવાયની પરવાનગી આપવામાં આવી છે. તે તારીખથી વિશેષધારો તથા દંડ વિગેરે જે કાઇ નકકી કરવામાં આવે તે અરજદારે ભરવો પડશે.

૨૬. કબજેદાર ખેતી સિવાયનું કૃત્ય શરૂ કરવાની તારીખથી એક માસમાં તલાટી કમ મંત્રી મારફત કૃત્ય શરૂ કર્યાની લેખીત જાણ સંબધક તાલુકા વિકાસ અધિકારીશ્રીને આપવી પડશે. જો તેમ કરવામાં તેઓ કસુર કરશે તો ખેતી સિવાયના વિશેષધારાની ભરવાપાત્ર રકમ ઉપરાંત નિયમ મુજબ દંડ તેઓએ ભરવો પડશે.

૨૭. કબજેદારે પોતાના ખર્ચે ડિસ્ટ્રીકટ ઇન્સ્પેકટરશ્રી (લેન્ડ રેકર્ડઝ) સુરત મારફતે ખેતી સિવાયના પ્લોટની છ(૬) માસમાં માપણી કરાવી પડશે. માપણી ફી ની રકમ તેઓએ આ હુકમની તારીખથી દિન-૧૦ માં ભરપાઇ કરવાની રહેશે. ડિસ્ટ્રીકટ ઇન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડ ધ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મુળ ટીપ્પણીની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજુ કરેલ પ્લાન તથાં લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજુર કરાવેલ હોવો જોઇએ. ક્ષેત્રફળ અને આકારમાં જો કોઇ ફેરફાર પડે તો તે મુજબ આ હુકમ તથા કરી આપવાની સનદ પણ ફેરફારને પાત્ર થશે. સર્વે ખાતા તરફથી માપણી થયા બાદ તે માપણીની ચાર નકલો આ કચેરીમાં રજુ કરવી પડશે.

૨૮. કબજેદારે બિનખેતીનો ઉપયોગ શરૂ કર્યેથી પરંતુ અપીલનો સમય વીત્યા બાદ અથવા આ હુકમની તારીખથી ત્રણ માસ બાદ કાયદા નિયમો અન્વયે ઠરાવેલા નમુના એમ ના હુકમમાં જણાવેલ તમામ શરતોની તથા માહિતીની સનદ કરી આપવી પડશે. સદરહું પરવાનગી સનદમાં જણાવેલ તમામ શરતોને આધિન રહેશે.

૨૯. નગર નિયોજકશ્રી, સુરતના પત્ર નં.બી પી/માંકશ્રા/ કામરેજ/સુરત/૭૮૩/ તા.૫/૩/૨૦૧૫માં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા <u>મંજુર કરેલ પ્લાન મુજબનું બાંધકામ કરવાનું રહેશે.</u> તાલુકા વિકાસ અધિકારીશ્રી કામરેજની અગાઉથી પરવાનગી સિવાય મંજુર કરેલ બાંધકામ કે ખેતી સિવાયના પ્લોટમાં કોઇ પણ જાતનો વધારો અગર બીજા કોઇ ફેરફાર કરી શકાશે નહી.

૩૦. કબજેદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે.

૩૧. આ હુકમની તારીખ થી છ (૬) માસમાં બાંધકામ શરૂ કરી ત્રણ વર્ષમાં પુરૂ કરવુ પડશે. જો તેમ કરવામાં કસુર થશે તો જે તારીખ થી ખેતી સિવાયની પરવાનગી આપવામાં આવી છે. તે તારીખ થી વિશેષધારો તથા દંડ વિગેરે જે કાઇ નકકી કરવામાં આવે તે અરજદારે ભરવો પડશે.

૩૨. પ્રશ્ન હેઠળની જમીન માથી વરસાદી પાણીના નિકાલ માટેના વાંકળા (વહેણ) પસાર થતા હોય તો તે બંધ કરવાના નથી અને કાયમ રાખવાના છે. તથા જરૂર જણાય તો ગરનાળા નું બાંધકામ કરતા

પહેલા સક્ષમ અધિકારીશ્રીની પુર્વ મંજુરી મળવવાની રહેશે. વરસાદી પાણીના વાંકળા બંધ થવાના કારણે આજુબાજુ રહેતા રહેવાસીઓને કે તેમની મિલકતન કંઇ નુકશાન થશે અથવા તેના કારણે પાણીનો ભરાવો થશે તો તે અંગેની સંપુર્ણ જવાબદારી અરજદારની રહેશે.

૩૩. જો આ બાબતમાં અરજદાર તરફથી કામગીરી યોગ્ય સમયે થાય નહી અને તેને કારણે પાણીનું વહેણું અટકશે અને તેના કારણે ખાનગી જાહેર મિલકતને જે કાંઇ નુકશાન થશે. તે અરજદારશ્રીએ ભરપાઇ કરવાનું રહેશે. આવા પ્રસંગે અરજદારનું કોઇ પણ જાતનું બાંધકામ તાલુકા વિકાસ અધિકારી / મામલતદારશ્રી મારફત અરજદારના ખર્ચે દુર કરવાનું રહેશે.

૩૪. સદર જમીનની પશ્ચિમ સઇીલે આવેલ બિન ખેતી થયેલ બ્લોક નં—૭૫ વાળી જમીન માંથી પ્રવેશ મેળવવા રસ્તા કરેલ છે. જેનો અમલ કરવાનો રહેશે.

૩૫. મંજુર કરેલ ખેતી સિવાયના પ્લોટોની આજુ બાજુ કમ્પાઉન્ડ કે પેરાફેરીની દિવાલ જો બનાવવામાં આવે તો તેની ઉંચાઇ સાડા ત્રણ ફુટથી વધારે રાખવી નહી. તેમજ તેમાં વચ્ચે વચ્ચે ગ્રીલ સાથેના બાકોરા રાખવા જેથી વરસાદના પાણીનો ભરાવો થાય નહી રસ્તાની બન્ને બાજુએ દિવાલ બાંધવી હોય તો તાલુકા વિકાસ અધિકારીશ્રી તાલુકા પંચાયત કામરેજની અગર સક્ષમ અધિકારીશ્રીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય બાંધવી નહી.

૩૬. મહેસુલ વિભાગના તા.૨૮/૦૨/૨૦૦૩ માં જણાવ્યા મુજબ વરસાદી પાણીના ભુગર્ભ વહન/સંચય માટે દર મકાન / બહુમાળી મકાન (નકશા મંજુર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલ મંજુરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે.

૩૭. સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૪/૦૬/૨૦૦૪ ના ઠરાવ મુજબ બાંધકામમાં ઇંટોનો જે કુલ જથ્થો વાપરવાનો હોય તે જથ્થા માંથી ૧૦૦ ટકાના ધોરણે ફલાયએસ માંથી બનાવેલ ઇંટોનો વપરાશ કરવાનો રહેશે.

૩૮. પર્યાવરણની જાળવણી માટે વૃક્ષોનું વાવેતર કરવાનું રહેશે.

૩૯. અરજદારે ઉપરોક્ત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશો તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

૪૦. શિક્ષાત્મક કલમ

(અ) અરજદાર ઉપરોક્ત કોઇ પણ શરતનો ભંગ કરશે તો તાલુકા વિકાસ અધિકારીશ્રી તાલુકા પંચાયત કામરેજ જમીન મહેસુલ કાયદા નિયમો અન્વયે તથા સરકારશ્રીના વખતો વખતના ઠરાવો મુજબ અરજદાર જે કંઇ બીજી શિક્ષાને પાત્ર હોય તેને બાંધ આવ્યા સિવાય તેને ફરમાવવું વધુ યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અને આકાર લઇ સદરહું જમીનનો કબજો અરજદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(બ) ઉપરની પેટા કલમ-(અ) માં ગમે તે મજકુર હોય તેમ છતા તાલુકા વિકાસ અધિકારીશ્રી તાલુકા પંચાયત કામરેજ સદરહું પારવાનગી વિરૂધ્ધ બાંધેલ અથવા વપરાતા કોઇ પણ મકાન અથવા ઇમલાને તાલુકા વિકાસ અધિકારીશ્રી તાલુકા પંચાયત કામરેજ આ અર્થે જે મુદ્દત ઠરાવેલ હોય તે કાયદેસર ગણાશે. ઠરાવેલી મુદ્દત દરમ્યાન આ રીતે ખસેડવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં આવે નહી તો તાલુકા વિકાસ અધિકારીશ્રી તાલુકા પંચાયત કામરેજ તેમ કરવાને અને તેમ કરવામાં જે ખર્ચ થાય તે અરજદાર પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને પાત્ર થશે.

સંબધક ત.ક.મંત્રીશ્રીએ નીચેના પત્રક મુજબ વિશેષધારો, શિક્ષણ ઉપકર વસુલ થાય તે જોવું.

સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક બખપ/૧૦૭૯/૩૯૧૧૫/ક તા.૨૩/૦૭/૭૯ તથા મહેસુલ વિભાગના નોટીફીકેશન નં.એલ.આર.આર./૧૦-૨૦૦૨/૧૬૪૦ (૧) ક તા.૨૬/૧૨/૨૦૦૩ તથા સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક એસ.સી.એ./૬૧૬૪/૦૫/૧૩૫૨/૦૫/ક તા.૩૧/૦૫/૦૬.

| બિનખેતી પરવાનગી આપેલ જમીનના સર્વે નંબર / બ્લોક નંબર તથા કબ્જેદારનું નામ | બિનખેતીની પરવાનગી આપેલ જમીનનું કુલ ક્ષેત્રફળ ચો.મી. | નિયમ મુજબ લેવાનો બિનખેતીનો આકારનો દર તથા કેવા પ્રકારની બિનખેતીનો ઉપયોગ થનાર છે. તેની વિગત રૂા. પૈસા | વસુલ કરવાની બિનખેતી આકારની કુલ રકમ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| સર્વે નં.-૯૫ બ્લોક નં.-૮૭<br>મોજે : માંકણા, તા.કામરેજ, જી.સુરત<br>**શ્રી ઇશ્વરભાઇ બહાદુરભાઇ પરમાર રહે.મુ.માંકણા, તા.કામરેજ જિ. સુરત** | ૨૦૨૨.૦૦ ચો.મી. | ૦.૧૦<br>રહેણાંક હેતુ માટે | રૂા. ૨૦૩.૦૦ |

| રૂપાંતર કર વેરા લેવાનો હોય તો તેની રકમ (રૂપાંતર કર રૂ.૨.૦૦ લેખે) (રૂ. પૈસા) | શિક્ષણવેરો વસુલ કરવાનો હોય તો તેની રકમ રૂ. પૈસા | અન્ય કોઈ વેરા વસુલ કરવાના હોય તેની રકમ રૂ. પૈસા | કોલમ નં.-૪,૬,૭ ના વેરા તારીખથી લેવાના છે. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| રૂ.૪૦૫૦ .૦૦ અંકે રૂપિયા ચાર હજાર પચાસ પુરા ચલન નં.-૫૬ તા. ૨૬/૫/૨૦૧૫ થી જમાં કરાવેલ છે. | નિયમ મુજબ | નિયમ મુજબ | મહેસુલ વર્ષ : ૨૦૧૪-૨૦૧૫ |

સહી/-
સચિવ
કારોબારી સમિતિ અને
તાલુકા વિકાસ અધિકારી
કામરેજ, જી.સુરત

સહી/- ટી.ડી.ઓ.
પ્રતિ,
શ્રી ઈશ્વરભાઈ બહાદુરભાઈ પરમાર રહે.મુ.માંકણા, તા.કામરેજ જિ. સુરત

(૨) નકલ સવિનય રવાના :
મે. ડિસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટરશ્રી
(લેન્ડ રેકર્ડઝ) જમીન માપણી ખાતુ સુરત તરફ
૨/- અરજદાર તરફથી માપણી ફી ની રકમ ભરપાઈ થયેથી તુરંત જ માપણી કરાવી સર્વે દફતરોમાં જરૂરી દુરસ્તી કરી કમી જાસ્તી પત્રકો અત્રે સત્વરે મોકલવાની કાર્યવાહી સારૂ.

(૩) મે. જિલ્લા વિકાસ અધિકારી સાહેબશ્રી, જિલ્લા પંચાયત કચેરી (મહેસુલ શાખા) સુરત તરફ
૨/- જાણ થવા વિનંતી સહ.

(૪) મે. નગર નિયોજકશ્રી, સાતમા માળે, સી-બ્લોક, બહુમાળી મકાન, નાનપુરા, સુરત તરફ

નકલ જયભારત સહ રવાના :

(૫) નાયબ મામલતદારશ્રી, (ઈ-ધરા) મામલતદાર કચેરી, કામરેજ તરફ જાણ તથા નોંધ પાડી ૭/૧૨, નં.૬ ની નકલ મોકલવા સારૂ.

(૬) સરપંચશ્રી, ગ્રામ પંચાયત માંકણા, તા.કામરેજ, જી.સુરત તરફ જાણ તેમજ અરજદારે આપેલ બિનખેતીની પરવાનગીની કામે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૪ હેઠળ આપની ગ્રા.પં. પાસેથી ધોરણસરની બાંધકામની પરવાનગી લઈને બાંધકામ શરૂ કરે તેની તકેદારી રાખવાની વિનંતી સહ.

નકલ રવાના :

(૭) ત.ક.મંત્રીશ્રી માંકણા, તા.કામરેજ, જી.સુરત તરફ
(૨) હુકમમાં જણાવેલ તમામ શરતોનું પાલન થાય છે કે કેમ તેની ખાત્રી કરી રીપોર્ટ કરવા સારૂ તેમજ ખેતી સિવાયનો આકાર વસુલ લેવા તથા આપેલ સમય મર્યાદામાં માપણી કરાવી સનદ તૈયાર કરી મોકલવાની કાર્યવાહી સારૂ તથા હુકમની ગામ દફતરે નોંધ થવા સારૂ. તેમજ એસ.ઓ. ફાઈલે નિભાવવા સારૂ તથા 'એમ' નમુનામાં સનદ સાથે અત્રે રજુ કરવા સારૂ.

(૮) સર્કલ ઈન્સ્પેક્ટરશ્રી, ઓરણા વિભાગ તા.કામરેજ જિ.સુરત તરફ
(૨) હુકમમાં જણાવેલી તમામ શરતોનું પાલન થાય છે કે કેમ? તેની ખાત્રી કરી અત્રે રીપોર્ટ કરવા સારૂ. તેમજ સમયમર્યાદામાં માપણી કરાવી સનદ તૈયાર કરી અત્રે રજુ કરવા સારૂ.